

# પ્રકરણ ૨૦

# ખોરાક અને મજા

ટ્રિંગ.. ટ્રિંગ.. ટ્રિંગ ! દરવાજાની ઘંટડી વાગી. મનપ્રીતે દરવાજો ખોલ્યો તો દિવ્યા અને સ્વસ્તિક હતાં. ‘‘સુરજીત, જો કોણ આવ્યું છે !’’ તેણે ઉત્તેજિત થઈને કહ્યું, સુરજીત દોડતી આવી. જ્યારે તેણે તેના મિત્રોને જોયાં અને ખુશીથી તેમને બાથ ભરી લઈને બોલી, ‘‘તમે છાત્રાલય (hostel-હોસ્ટેલ)થી ક્યારે આવ્યાં ?’’ સ્વસ્તિકે કહ્યું, ‘‘હજુ ગઈકાલે જ. તારા માતાપિતા ક્યાં છે ? અમે તેમને મળવા માંગીએ છીએ.’’

સુરજીતે કહ્યું, ‘‘તેઓ ગુરુદ્વારા ગયાં છે. અમે પણ ત્યાં જવાનાં છીએ.’’ દિવ્યાએ કહ્યું, ‘‘અરે ખૂબ સરસ, અમે તારી સાથે આવીએ છીએ.’’

સુરજીતે પૂછ્યું, ‘‘તું રજાઓમાં જ ઘરે આવે છે. તને છાત્રાલયમાં રહેવું ગમે છે ? તમે તમારા પરિવારને ખૂબ જ યાદ કરતાં હશો.’’

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

દિવ્યાએ કહ્યું, ‘‘અમે તેમને યાદ કરીએ છીએ, પરંતુ છાત્રાલયના જીવનમાં ખૂબ મજા છે. ઘણી વખત અમને ભોજન ન પણ ગમે છતાં અમે બધાં બાળકો સાથે જમીને ખૂબ જ મજા માણીએ છીએ.’’

સ્વસ્તિકે હસતાં-હસતાં કહ્યું, ‘‘તને ખબર છે, જ્યારે છાત્રાલયમાં કોઈના ઘરનું બનાવેલું ભોજન આવે ત્યારે અમે બધાં તેમના રૂમ તરફ દોડીએ છીએ. તે થોડી મિનિટોમાં તો પતી જાય.’’

- શું તમે છાત્રાલયમાં ભણ્યાં છો ? જો નહિ તો, જે છાત્રાલયમાં રહેતા હોય એવા કોઈ સાથે વાત કરવા પ્રયત્ન કરો અને શોધી કાઢો -
    - છાત્રાલય બીજી બધી શાળાઓ કરતાં કેવી રીતે અલગ છે ?
    - ત્યાં તેઓને કેવું ભોજન મળે છે ?
    - છાત્રાલયમાં બાળકો ક્યાં બેસીને જમે છે ?
    - છાત્રાલયમાં બાળકો માટે ભોજન કોણ બનાવે છે ? ભોજન કોણ પીરસે છે ?
    - વાસણ કોણ ધુએ છે ?
    - ક્યારેક બાળકો ઘરનું જમવાનું યાદ કરે છે ?
    - શું તમને છાત્રાલય જવું ગમે ? કેમ ?



## ગુરુદ્વારા પર

બાળકોએ ગુરુદ્વારા જતાં આખા રસ્તે વાતો કરી. ત્યાં ગયા પછી તેઓએ માથું ઢાંકી દીધું.



તેઓ ગુરુદ્વારાના રસોઈઘર (kitchen-કિચન) માં ગયાં. ત્યાં ઘણીબધી પ્રવૃત્તિઓ થતી હતી. જમવાનું મોટાં વાસણોમાં બનાવવામાં આવતું હતું. એક બાજુ ચણા અને અડદની દાળ બફાઈ રહ્યાં હતાં.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in





બીજા વાસણમાં ફ્લાવર અને બટાટાનું શાક બની રહ્યું હતું. સ્વસ્તિકે કહ્યું, ‘‘ત્યાં તારા પિતા છે. સુરજીત, ચાલો જઈએ અને તેમને મળીએ.’’

‘‘તમે અહીં શું કરો છો ?’’ મનજિતસિંઘ બાળકોને જોઈ ખુશ થઈ ગયા.

સ્વસ્તિકે પૂછ્યું, ‘‘કાકા, અમે પણ રસોઈમાં મદદ કરીએ ? તમે શું બનાવો છો ?’’

મનજિતસિંઘે કહ્યું, ‘‘હું કઢાહપ્રસાદ (શીરા જેવો) બનાવું છું. આ મોટી કઢાઈમાં ઘીમાં ઘઉંનો લોટ શેકવામાં ખૂબ જ સમય લાગે છે.’’

દિવ્યાએ પૂછ્યું, ‘‘આ એક પ્રકારનો હલવો છે. ખરું ને ? તમે આમાં ખાંડ ક્યારે ઉમેરશો ?’’



એટલામાં તેઓએ મનપ્રીતની માતાને જોઈ અને તેમને મળવા દોડ્યાં. દિવ્યાએ પૂછ્યું, ‘‘કાકી તમે શું કરો છો?’’ ‘‘બેટા અમે તવા પર શેકવા રોટલીઓ વણીએ છીએ !’’ એક જ વારમાં કેટલી બધી રોટલીઓ તૈયાર થાય છે ? તે જોઈને દિવ્યા આશ્ચર્યમાં હતી. તેણે કહ્યું, ‘‘હું મદદ કરી શકું ?’’ કાકીએ કહ્યું, ‘‘હા, ચોક્કસ આવ અને પ્રયત્ન કર, અહીં બધાં મદદ કરી શકે, પરંતુ પહેલાં તારા હાથ ધોઈ આવ.’’



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



દિવ્યાએ હાથ ધોયા અને તવા પાસેના જૂથમાં જોડાઈ ગઈ. તવો ખૂબ જ ગરમ હતો. રોટલી તવા ઉપરથી ઊતરતી હતી તેના પર તેણે ઘી લગાવવાનું ચાલુ કર્યું.

સ્વસ્તિક આશ્ચર્યમાં બોલ્યો, ''આટલી બધી રસોઈ બનાવવા બધી વસ્તુઓ કોણ લાવે છે ? એક મહિલાએ જવાબ આપ્યો.'' અહીં દરેક એક યા બીજી રીતે સહયોગ (contribute-કન્ટ્રિબ્યૂટ) આપે છે. કોઈ વસ્તુઓની વ્યવસ્થા કરે, કોઈ પૈસા આપે અને બીજા કામમાં મદદ કરે છે.

મનપ્રીતે કહ્યું, ''તો સ્વસ્તિક, તને કેવું લાગ્યું ?''

સ્વસ્તિકે કહ્યું, ''હા, દરેક સાથે કામ કરવાની ખૂબ મજા આવી. રોટલીઓ, ભાત, હલવો, દાળ અને શાકભાજી - આ બધું આટલું જલ્દી બની જાય તે અમે ભાગ્યે જ જોયું છે.''

અરદાસ (પ્રાર્થના) પછી કઢાહપ્રસાદ આપવામાં આવ્યો. કેટલાંક છોકરાંઓએ વરંડામાં પાથરણાં પાથરી દીધાં અને બધાં લોકો લંગર માટે લાઇનમાં બેસી ગયાં. કેટલાક લોકો જમવાનું આપતાં હતાં અને કેટલાક પાણી આપતાં હતાં. દરેક સાથે મળીને જમ્યા.

જમ્યા પછી દરેકે પોતપોતાની થાળી લઈ લીધી અને તેને એક મોટા ડ્રમમાં મૂકી. જે લોકો પીરસતા હતાં તેઓ છેલ્લે જમ્યાં. તેઓએ જગ્યા સાફ કરી અને વાસણો સાફ કર્યાં.

''સ્વસ્તિક, તેં પહેલાં ક્યારેય આવી વ્યવસ્થા જોઈ છે ?'' મનપ્રીતે પૂછ્યું.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## આ વિશે વાત કરો :

- ગુરુદ્વારામાં "સાથે રસોઈ કરવી અને જમવું" તેને લંગર કહેવામાં આવે છે. તમે ક્યારેય લંગરમાં જમ્યાં છો ? ક્યાં અને ક્યારે ?
- કેટલા લોકો ત્યાં રાંધતાં હતા અને કેટલા લોકો ત્યાં પીરસતાં હતા ?
- કોઈ બીજા પ્રસંગો છે જ્યારે તમે બીજા લોકો સાથે બેસીને જમ્યા હોય ? ક્યારે અને ક્યાં ? ત્યાં રસોઈ કોણે બનાવી હતી અને કોણે પીરસ્યું હતું ?



ગુરુદ્વારા લંગરનાં અલગ-અલગ દૃશ્યો

**શિક્ષક માટે :** ગુજરાતનાં યાત્રાધામોમાં ચાલતાં અન્નક્ષેત્રો (almoneries-અલ્મોનરીસ) અને ત્યાંની વ્યવસ્થા વિશે માહિતી આપવી તથા તેના ફોટોગ્રાફ કે વીડિયો એકત્રિત કરીને વિદ્યાર્થીઓને બતાવવા. તેમજ લગ્ન-પ્રસંગે, ધાર્મિક તહેવારો વખતે કે અન્ય કોઈ મેળાવડાના પ્રસંગે યોજાતા ભોજન-સમારંભ (banquet-બેન્કવેટ) બાબતની ચર્ચા વર્ગખંડમાં કરવી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in